Item No. 47.30

એડીએમ.૨
તા.૪/૫/૨૦૧૮

નોંધ :-

આ સાથે સ્ટેચ્યુટ-૧૧૬ સ્ટેટ એગ્રીકલ્ચરલ યુનિવર્સિટીઝ સર્વિસીસ ઓફ ગુજરાત (રીક્રુટમેન્ટ ઓફ નોન-ટીચીંગ એમ્પ્લોઇઝ) રૂલ્સ-૨૦૧૧ના APPENDIX-4.5ના ક્રમ- 4[A]માં પરિશિષ્ટ-૩ મુજબ સુધારો કરવા અંગેની નોંધ સામેલ રાખી આગળની કાર્યવાહી હાથ ધરવા મોકલી આપવામાં આવે છે.

સામેલ : (૧) સરકારશ્રીનો તા.૨૮/૨/૨૦૧૮ના પત્રની નકલ
(૨) પરિશિષ્ટ-૩

કુલસચિવ

નં.આકૃયુ/રજી/એડીએમ.૨.૧/૧૨૧૩/૨૦૧૮ તા.૮/૫/૨૦૧૮

પ્રતિ,
આ વિભાગની લીગલ શાખા તરફ ઘટતી કાર્યવાહી હાથ ધરવા સારૂ.

નકલ રવાના :- આ વિભાગની એકેડેમિક શાખા તરફ પત્ર જા.નં.આકૃયુ/રજી/એકે(મીટીંગ)/(૧૨૨)/૨૧૩૯-૨૧૫૦/૨૦૧૮, તા.૨૫/૪/૨૦૧૮ અન્વયે જાણ સારૂં.

મદદનીશ કુલસચિવ (એકેડેમીક)
આ.કૃ.યુ., આણંદ
ઈનવર્ડ નંબર : 565
તારીખ : 8/5/2018

એડીએમ.ર.૧
તા.૧-૫-૨૦૧૮

નોંધઃ-

સેકશન અધિકારીશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના પત્ર ક્રમાંકઃપરચ-૧૦૨૦૧૭-૪૦૪-ક.ર, તા.૨૮/૨/૨૦૧૮થી ગ્રામ સેવક/ખેતી મદદનીશ સંવર્ગની જગ્યાઓમાં ડિપ્લોમા ઇન બાગાયત/એગ્રીકલ્ચર એન્જીનીયરીંગ/એગ્રો-પ્રોસેસીંગ/ગૃહ વિજ્ઞાન/કો-ઓપરેશન, બેકીંગ અને માર્કેટીંગના વિદ્યાર્થીઓનો ભરતીમાં સમાવેશ કરવા મળેલ રજૂઆતો અન્વયે રાજ્યની ચારેય કૃષિ યુનિવર્સિટીઓ તેમજ રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદનો અભિપ્રાય માંગેલ હતો, તેમના અભિપ્રાય મુજબ ડિપ્લોમા ઇન બાગાયત/એગ્રીકલ્ચર એન્જીનીયરીંગ/એગ્રો-પ્રોસેસીંગ/ગૃહ વિજ્ઞાન/કો-ઓપરેશન, બેકીંગ અને માર્કેટીંગ કોર્ષિસની પોલીટેકનીકોમાં ૨૫ થી ૮૧% સુધીના કોર્ષનો સમાવેશ થતો હોઇ, ગ્રામ સેવક/ખેતી મદદનીશ સંવર્ગની જગ્યાઓમાં ડિપ્લોમા ઇન બાગાયત/એગ્રીકલ્ચર એન્જીનીયરીંગ/એગ્રો-પ્રોસેસીંગ/ગૃહ વિજ્ઞાન/કો-ઓપરેશન, બેકીંગ અને માર્કેટીંગ પોલિટેકનીકના ડિપ્લોમા ધરાવતાં વિદ્યાર્થીઓને ડિપ્લોમા ઇન એગ્રીકલ્ચર સમકક્ષ ગણી ભરતીમાં તેઓનો સમાવેશ કરવા અંગેની કાર્યવાહી કરવા જણાવેલ હતું.

તેથી, સદર બાબત આણંદ કૃષિ યુનિવર્સિટીના નિયામક મંડળની તા.૧૦-૪-૨૦૧૮ના રોજ મળેલ ૪૭મી બેઠકના મુદ્દા નં.૪૭.૩૦થી રજૂ કરતાં, નિયામક મંડળે ચર્ચાને અંતે નીચે મુજબ ભલામણ કરેલ છે :

**"આથી ઠરાવવામાં આવે છે કે, ચારેય કૃષિ યુનિવર્સિટીઓમાં ગ્રામ સેવક/ખેતી મદદનીશ સંવર્ગની ભરતી માટે બાગાયત/પશુપાલન/કૃષિ ઇજનેરી/એગ્રો-પ્રોસેસીંગ/ગૃહ વિજ્ઞાન/કો-ઓપરેશન, બેકીંગ એન્ડ માર્કેટીંગ પોલીટેકનીકના ડિપ્લોમા ધરાવતાં તથા ભવિષ્યના આવા ડિપ્લોમાઅભ્યાસક્રમોના વિદ્યાર્થીઓને ડિપ્લોમા ઇન એગ્રીકલ્ચર સમકક્ષ ગણી ભરતીમાં તેઓનો સમાવેશ કરવા અંગેની કાર્યવાહી કરવા તથા સ્ટેચ્યુટ-116, APPENDIX-4.5 4ના ક્રમ-4[A]માં પરિશિષ્ટ-૩ મુજબ સુધારો કરવા નિયામક મંડળ સંમતિ આપે છે."**

આમ, સ્ટેચ્યુટ-116, APPENDIX-4.5 4ના ક્રમ-4[A]માં પરિશિષ્ટ-૩ મુજબ સુધારો કરવા અંગેની કાર્યવાહી હાથ ધરવા અત્રેની લીગલ શાખાને જણાવીએ.

સીનીયર કલાર્ક

કચેરી અધિક્ષક

મદદનીશ કુલસચિવ (વહીવટ)

કુલસચિવશ્રી

E:\A.2.1\NODH\NODH-2018.doc

પરિશિષ્ટ-૨

ક્રમાંક-પરચ-૧૦૨૦૧૭-૪૦૪-ક-૨
ગુજરાત સરકાર
કૃષિ,સહકાર અને ખેડૂત કલ્યાણ વિભાગ,
સચિવાલય,ગાંધીનગર
તા:- 28 FEB

૫૭
૬|૩|૧૮

પ્રતિ,
ઉપ સચિવશ્રી,પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, ગાંધીનગર
ઉપ સચિવશ્રી,કૃષિ,સહકાર અને ખેડૂત કલ્યાણ વિભાગ,ગાંધીનગર
ખેતી નિયામકશ્રી,કૃષિ ભવન, ગાંધીનગર
બાગાયત નિયામકશ્રી,કૃષિભવન, ગાંધીનગર
પશુપાલન નિયામકશ્રી,કૃષિભવન, ગાંધીનગર
મેનેજિંગ ડાયરેક્ટશ્રી,ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ લિ., ગાંધીનગર
✓કુલ સચિવશ્રી,કૃષિ યુનિવર્સિટી,આણંદ, જૂનાગઢ,નવસારી,સરદાર કૃષિનગર

A.A.U., ANAND.
6 MAR 2018
NO. ૧૭૫૫

વિષયઃ- ગ્રામ સેવક/ખેતી મદદનીશ સંવર્ગની જગ્યાઓમાં ડિપ્લોમાં ઇન બાગાયત/એગ્રીકલ્ચર એન્જીનીયરીંગ/એગ્રો-પ્રોસેસીંગ/ગૃહ વિજ્ઞાન/ કો-ઓપરેશન, બેંકીંગ અને માર્કેટીંગના વિદ્યાર્થીઓનો ભરતીમાં સમાવેશ કરવા બાબતે.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ગ્રામ સેવક/ખેતી મદદનીશ સંવર્ગની જગ્યાઓમાં ડિપ્લોમાં ઇન બાગાયત/એગ્રીકલ્ચર એન્જીનીયરીંગ/એગ્રો-પ્રોસેસીંગ/ગૃહ વિજ્ઞાન/ કો-ઓપરેશન, બેંકીંગ અને માર્કેટીંગના વિદ્યાર્થીઓનો ભરતીમાં સમાવેશ કરવા અંગેની રજુઆતો મળેલ હતી. આ બાબતે રાજ્યની ચારેય કૃષિ યુનિવર્સિટીઓ તેમજ રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદનો અભિપ્રાય માંગવામાં આવેલ હતો.

તેઓના અભિપ્રાય મુજબ એગ્રીકલ્ચર પોલીટેકનીકલ ઉપરાંત બાગાયત,પશુપાલન,કૃષિ ઇજનેરી, એગ્રો- પ્રોસેસીંગ,ગૃહ વિજ્ઞાન અને કોઓપરેશન બેંકીંગ અને માર્કેટીંગ કોર્ષિસની પોલીટેકનીકમાં કૃષિ અને તેને સંલગ્ન વિષયોનો ૨૫ થી ૮૧ ટકા સુધીના કોર્ષમાં સમાવેશ થાય છે.વળી ગ્રામસેવકનો જોબચાર્ટ જોતાં તેઓએ ગ્રામ્ય કક્ષાએ રહી કૃષિ અને કૃષિને સંલગ્ન સંશોધનોની ભલામણો અને માહિતી ખેડૂત સુધી પહોંચાડવાની હોય છે. તેમજ ખેડૂતોને સંપર્કકરી કૃષિ અને કૃષિ સંલગ્ન કોઇ પણ પ્રશ્નો તેમના અધિકારીઓ સુધી પહોંચાડવાની ફરજ બજાવવાની હોય છે. આ કામગીરીમાં કૃષિ અને તેને સંલગ્ન બાગાયત, પશુપાલન,કૃષિ ઇજનેરી,એગ્રો પ્રોસેસીગ,ગૃહ વિજ્ઞાન અને કો-ઓપરેશન , બેંકીંગ અને માર્કેટીંગ પોલીટેકનકસમાં અભ્યાસ કરેલ ડિપ્લોમા ધારકો સમકક્ષ હોય છે.

T.

આમ, ઉપરોક્ત હકીકત જોતાં ગ્રામ સેવક/ખેતી મદદનીશ સંવર્ગની ભરતી માટે બાગાયત, પશુપાલન,કૃષિ ઇજનેરી, એગ્રો- પ્રોસેસીંગ,ગૃહ વિજ્ઞાન અને કોઓપરેશન બેંકીંગ અને માર્કેટીંગ પોલીટેકનીકના ડિપ્લોમા ધરાવતા વિદ્યાર્થીઓને ડીપ્લોમા ઇન એગ્રીકલ્ચર સમકક્ષ ગણી ભરતીમાં તેઓનો સમાવેશ કરવા અંગેની કાર્યવાહી કરવા વિનંતી છે.

**(જી.એસ.મોદી)**
**સેકશન અધિકારી**
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

*STATE AGRICULTURAL UNIVERSITIES OF GUJARAT*

*RECRUITMENT RULES – NON-TEACHING EMPLOYEES*

*APPENDIX – 4.5*

**The detailed requirements for the post shall be as under :-**

| | | | |
|---|---|---|---|
| 1. | Designation of Post | : | (1) Agricultural Assistant<br>(2) Field Assistant<br>(3) Technical Assistant<br>(4) Technical Assistant (Laboratory)<br>(5) Junior Teaching Assistant |
| 2. | Pay Band | : | PB-1 – ₹ 5200-20200 |
| | Grade Pay | : | ₹ 2400 |
| 3. | Age for Direct Recruitment | : | 18 to 25 Years |

4. Educational Qualifications & Experience required for Direct Recruitment :-

[A] Two / Three years diploma course in Agriculture/Horticulture/Animal Husbandry/ Agricultural Engineering/Agro-Processing/Home Science/Co-operation, Banking & Marketing

[B] Passed the Examination of CCC of DOEACC or of the equivalent level examination determined by the State Government from time to time. If not, should pass the examination within the probation period.

5. In case of appointment by Promotion the post from which Promotion is to be made, experience required etc. :-

……………N.A…………

6. Ratio of different methods of Recruitment, if any.

(1) Direct Recruitment – 100% (2) Promotion - NIL